પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૧ | ૩ નવેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સાઉદી પર ઈરાનના હુમલાના ભણકારા



### યુદ્ધના ભણકારા : અમેરિકી સેના હાઈ એલર્ટ પર : સાઉદી અધિકારીઓએ કહ્યું કે સાઉદી અરેબિયા સિવાય ઈરાન પણ ઈરાકના ઈર્બિલ પર હુમલો કરવા માંગે છે જ્યાં અમેરિકી સૈનિકો છે

નવી દિલ્હી,તા.૨

સાઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે સ્થિતિ સારી નથી. સમાચાર છે કે ઈરાન કોઈપણ સમયે સાઉદી અરેબિયા પર હુમલો કરી શકે છે. સાઉદી અરેબિયાએ અમેરિકા સાથે આ ગુપ્ત માહિતી શેર કરી છે. ઈરાન સાઉદી અરેબિયામાં ઘણી જગ્યાએ હુમલો કરી શકે છે. આ ગુપ્ત માહિતી સામે આવતાની સાથે જ ખાડી દેશોમાં હાજર અમેરિકી સેનાને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. જો ઈરાન સાઉદી અરેબિયા પર હુમલો કરે છે, તો વિશ્વ ફરીથી ત્રીજા વિશ્વ યુદ્ધના મુખમાં પહોંચી શકે છે. વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સ અને સાઉદી અરેબિયા હાઈ એલર્ટ પર છે, કારણ કે સાઉદી ઈન્ટેલિજન્સે યુએસને જાણ કરી છે કે ઈરાન સાઉદી અરેબિયામાં ઘણી સાઈટ્સ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. બંને દેશોના અધિકારીઓએ કથિત રીતે જર્નલને તોળાઈ રહેલા હુમલા

● અનુસંધાન પાન-૫ પર

## નોર્થ કોરિયાએ અચાનક છોડી ૩ બેલેસ્ટિક મિસાઈલ

### સાઉથ કોરિયા અને જાપાનમાં હડકંપ : સાઉથ કોરિયા અનુસાર, આ મિસાઇલો નોર્થ કોરિયાના શહેર વોનસનમાં કે તેની આસપાસની સાઇડમાં છોડવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૨

નોર્થ કોરિયા તરફથી બેલેસ્ટિક મિસાઈલ છોડાયા બાદ સાઉથ કોરિયાથી લઈને જાપાન સુધી હડકંપ મચી ગયો છે. આ પછી જાપાનમાં રેડ સાયરન વાગવા લાગ્યુ તો વળી બીજીબાજુ સાઉથ કોરિયા પણ ભડકી ઉઠ્યુ હતુ. સાઉથ કોરિયાએ કહ્યું કે રાષ્ટ્રપતિએ પ્યોંગયોંગની તાજા ઉકસાવાપૂર્ણ કાર્યવાહી પર તાત્કાલિક પગલુ ભરવાનો આદેશ આપ્યો છે. આની સાથે જ, સાઉથ કોરિયાની જલ સીમાની પાસે બેલેસ્ટિક મિસાઈલ પડ્યાના થોડાક સમય બાદ જ નોર્થ કોરિયા તરફથી કમ સે કમ ૧૦ અલગ અલગ રીતની મિસાઈલ છોડવામાં આવી, સિયોલ મિલિટ્રીએ પહેલીવાર આની પુષ્ટી કરી છે. નોર્થ કોરિયાની મિસાઈલ લૉન્ચે પૂર્વી એશિયામાં યુદ્ધના ખતરાને વધુ ઘેરુ કરી દીધુ છે. બુધવારે ૨ નવેમ્બર, ૨૦૨૨ સવારે સાઉથ કોરિયાના કેટલાક શહેરોમાં અચાનક એર રેડ સાયરન સંભળાવવા લાગ્યા, કારણ હતુ નોર્થ કોરિયા તરફથી છોડવામાં આવેલી ૩ બેલેસ્ટિક મિસાઈલો. જોકે, બીજીવાળી આ



જીઈમ્સ મિસાઈલ કોઈ વસ્તીવાળા વિસ્તારમાં નહીં પરંતુ પૂર્વીય સાગરમાં પડી. સાઉથ કોરિયા સરકાર અનુસાર, આ મિસાઈલો નોર્થ કોરિયાના શહેર વૉનસનમાં કે તેની આસપાસની સાઈડમાં છોડવામાં આવી હતી, અર્લી વૉર્નિંગ સિસ્ટમએ સ્થાનિક સમય અનુસાર, ૮:૫૧ પર આની જાણકારી આપી હતી, ત્રણ મિસાઈલોમાથી એક

● અનુસંધાન પાન-૫ પર

## ટેલેન્ટ-ટેકનોલોજીમાં બેંગ્લોરનું નામ મોખરે

### ઇન્વેસ્ટ કર્ણાટક-૨૦૨૨નું વડાપ્રધાને ઉદ્‌ઘાટન કર્યું : વૈશ્વિક કટોકટીમાં વિશ્વભરના અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતો ભારતને એક તેજસ્વી સ્થળ તરીકે વર્ણવી રહ્યા છે : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વૈશ્વિક રોકાણકાર પરિષદ 'ઈન્વેસ્ટ કર્ણાટક-૨૦૨૨'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમજ લોકોને સંબોધતા જણાવ્યું હતું કે ભારતમાં યુક્રેન-રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને તાજેતરના કોરોના રોગચાળાને કારણે સર્જાયેલી પરિસ્થિતિની વિપરીત અસર પડી છે. તે જ સમયે, હવે સમગ્ર વિશ્વ ભારત તરફ આશા સાથે જોઈ રહ્યું છે.

ઈન્વેસ્ટ કર્ણાટક ૨૦૨૨ સમિટમાં પીએમ મોદીએ કર્ણાટકની પ્રાકૃતિક સુંદરતા અને સંસ્કૃતિ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે અહીં પરંપરા અને ટેકનોલોજી બંને છે. આ તે જગ્યા છે જ્યાં પ્રકૃતિ અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળે છે. જ્યારે આપણે ટેલેન્ટ અને ટેકનોલોજી વિશે વાત કરીએ છીએ, ત્યારે સૌથી પહેલી વસ્તુ જે આપણા મગજમાં આવે છે તે બેંગ્લોર છે.



## યુપીઆઈ પર ઓકટો.માં સાત અબજ ડોલરથી વધુના વ્યવહાર

### અત્યાર સુધીનો કોઈ એક મહિનાનો વિક્રમી આંક છે

મુંબઈ, તા.૨

ભારતનું મુખ્ય ડિજિટલ પેમેન્ટસ પ્લેટફોર્મ યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ (યુપીઆઈ) પર ઓકટોબરમાં સાત અબજ ડોલરથી વધુના વ્યવહાર પાર પડયા છે જે આ પ્લેટફોર્મની રચના થઈ ત્યારથી અત્યારસુધીનો કોઈ એક મહિનાનો વિક્રમી આંક છે.

નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા જારી કરાયેલા આંકડા પ્રમાણે, ઓકટોબરમાં યુપીઆઈ પ્લેટફોર્મ પર રૂપિયા ૧૨.૧૧ ટ્રિલિયનના મૂલ્યના ૭.૩૦ અબજ વ્યવહાર પાર પડયા હતા.

વાર્ષિક ધોરણે ઓકટોબરમાં મૂલ્યની દ્રષ્ટિએ વ્યવહારમાં ૫૭ ટકા વધારો થયો છે જ્યારે વોલ્યુમની દ્રષ્ટિએ ૭૩ ટકા વધારો થયો છે. કોરોનાના કેટલાક સમયગાળાને બાદ કરતા છેલ્લા બે વર્ષથી યુપીઆઈ મારફતના ટ્રાન્ઝકશન્સ મૂલ્ય તથા વોલ્યુમ બન્ને રીતે વધી રહ્યા છે, જે ભારતમાં ડિજિટલ પેમેન્ટસનો સ્વીકાર વધી રહ્યાનું સૂચવે છે. કોરોનાને કારણે દેશમાં ડિજિટલ પેમેન્ટસનો વ્યાપ વધી શકયો હોવાનું બેકિંગ ક્ષેત્રના સુત્રો જણાવી રહ્યા છે.

## ભગવાનની કૃપા નહીં હોય તેથી આ દુર્ઘટના બની : દીપક પારેખ

### મોરબી ઝૂલતા બ્રિજનું રિનોવેશન કરનારી કંપનીની કોર્ટમાં સહજ દલીલ : ઓરેવાના મીડિયા મેનેજર દીપક પારેખ સહિત ચાર આરોપીના પાંચ નવેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કરાયા, અન્ય પાંચને જેલ હવાલે કરવામાં આવ્યા

રાજકોટ, તા.૨

ગુજરાતના મોરબીમાં ૩૦ ઓક્ટોબરે થયેલ પુલ અકસ્માત સમગ્ર દેશ માટે ખૂબ જ દુઃખદ ઘટના છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૩૫ લોકોના મોત થયા છે અને નદીમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. દરમિયાન બ્રિજનું રિનોવેશન કરનાર કંપનીએ કોર્ટમાં વિચિત્ર દલીલ કરી છે અને કહ્યું છે કે આ વખતે ભગવાનની કૃપા નહીં હોય, તેથી આ દુર્ઘટના બની છે.

મોરબી બ્રિજ અકસ્માત અંગે ઓરેવા કંપનીએ કોર્ટમાં નિવેદન આપ્યું છે. જેમણે રિનોવેશન કર્યું હતું. ઓરેવાના મીડિયા મેનેજર દીપક પારેખે કોર્ટમાં કહ્યું કે અમારા એમડી જયસુખ પટેલ સારી વ્યક્તિ છે. ૨૦૦૭માં પ્રકાશભાઈને કામ સોંપવામાં આવ્યું, કામ સારી રીતે કરવામાં આવ્યું હતું. તેથી તેમને ફરીથી કામ સોંપવામાં આવ્યું. અમે પહેલાં રિપેરિંગ કામ કર્યું હતું. આ વખતે ભગવાનની કૃપા નહીં હોય, કદાચ તેથી જ આ દુર્ઘટના બની છે.

## ખાદ્યતેલ પર લાગતી સ્ટોક લિમિટ પરનો પ્રતિબંધ હટાવાયો

### ખાદ્ય તેલનાં ભાવમાં સતત નરમાઈથી સરકારનો નિર્ણય : હવે જથ્થાબંધ વેપારીઓ-મોટા ચેઈન રિટેલર્સો તેમની મરજી પ્રમાણે ખાદ્યતેલ, તેલિબિયાને જમા કરાવી શકશે

નવી દિલ્હી, તા.૨

ખાદ્યતેલના ભાવમાં સતત નરમાઈને જોતા મોદી સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે લગભગ એક વર્ષ પછી ખાદ્યતેલ પર લાગતી સ્ટોક લિમિટ પરના પ્રતિબંધને ખતમ કરી દીધો છે. હવે જથ્થાબંધ વેપારીઓ અને મોટા ચેઈન રિટેલર્સો તેમની મરજી પ્રમાણે ખાદ્યતેલ અને તેલિબિયાને જમા કરાવી શકશે. વૈશ્વિક માર્કેટમાં પણ ખાદ્યતેલ અને તેલીબિયાંની કિંમતોમાં નરમી આવી છે, જેનો ફાયદો સ્થાનિક બજારને મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે ઓક્ટોબર-૨૧માં ખાદ્યતેલ અને તેલીબિયાં પાકોની સંગ્રહ મર્યાદા નક્કી કરી હતી અન નક્કી મર્યાદાથી વધારે તેલનો સંગ્રહ કરવા પર રોક લગાવી દીધી હતી. ત્યારે વૈશ્વિક અને સ્થાનિક બજારમાં ખાદ્યતેલ તેમજ તેલીબિયાંની વધતી કિંમતો પર પકડ મેળવવા માટે સરકારે રિમૂવલ ઓફ લાઈસેન્સિંગ રિકવાયરમેન્ટ હેઠળ ૮ ઓક્ટોબર, ૨૦૨૧થી ખાદ્યતેલ તેમજ તેલીબિયાંની સંગ્રહ મર્યાદા નક્કી કરી દીધી હતી. આ આદેશ હેઠળ સરકારે ખાદ્ય તેલ અને તેલીબિયાંની ઉપલબ્ધતા અને વપરાશના આધાર પર તેની મર્યાદા નક્કી કરવાનો અધિકાર રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોને આપ્યો હતો.

## જસ્ટીસ ચંદ્રચૂડ સામેની અરજીને સુપ્રીમ કોર્ટે નકારી

### સુપ્રીમે અરજી ખોટી ધારણાના આધારે થયેલી ગણાવી

નવી દિલ્હી, તા.૨

દેશના અગામી ચીફ જસ્ટીસ તરીકે જેમનું નામ નક્કી થયું છે તેવા જસ્ટીસ ચંદ્રચુડ સામે થયેલી એક અરજી સુપ્રીમ કોર્ટે નકારી કાઢી છે.

આ અરજીમાં જસ્ટીસ ચંદ્રચુડને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ તરીકે રોકવાની માંગ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટમાં આજે ચીફ જસ્ટીસ લલિત, જસ્ટીસ રવીન્દ્ર ભટ્ટ અને જસ્ટીસ બેલા ત્રિવેદી સમક્ષ સુનાવણીમાં ખંડપીઠે તેને ખોટી ધારણાના આધારે થયેલી અરજી ગણાવી ઠુકરાવી દીધી હતી.

આજે આ કેસનું સુનાવણી થવાની હતી નહી પણ અરજદારે સવારે માંગ કરી હતી કે ચીફ જસ્ટીસની શપથવિધિ તા. ૯ નવેમ્બરે યોજાવાની હોવાથી આ અંગે તાકીદે નિર્યણ લેવો જોઈએ. અરજદારની માંગના આધારે સુપ્રીમ કોર્ટે આ કેસની સુનાવણી આજે હાથ ધરી હતી.

## ચિત્રા રામકૃષ્ણા ષડયંત્રના માસ્ટરમાઈન્ડ છે : ઈડી

### એનએસઈના પૂર્વ ચેરમેનની જામીનનો વિરોધ

નવી દિલ્હી, તા.૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મની લોન્ડરિંગ કેસમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)ના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર (એમડી) ચિત્રા રામકૃષ્ણાની જામીનની અરજીનો દિલ્હી હાઈકોર્ટમાં વિરોધ કર્યો છે. ઈડીએ કહ્યું કે તે આ મામલે ગુનાહિત ષડયંત્રનો માસ્ટરમાઈન્ડ છે. આ મામલો એનએસઈ કર્મચારીઓના ગેરકાયદેસર ફોન ટેપિંગ સાથે સંબંધિત છે.

ઈડીએ ન્યાયમૂર્તિ જસમીત સિંહને જણાવ્યું હતું કે ફોન પર વાતચીત સાંભળવા અથવા તેમની દેખરેખ માટેની દરખાસ્ત રામકૃષ્ણ દ્વારા આગળ ધપાવવામાં આવી હતી, જે તે સમયે ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર હતા અને સર્વેલન્સ માટે ટેલિફોન નંબર અને કર્મચારીઓની ઓળખ કરી હતી.



Serving 2.90* million active borrowers

Large mix of 56* lender institutions

Among youngest** NBFC-MFIs with strong credit rating

INCOME GENERATING LOANS THAT ALLOW WOMEN

ENTREPRENEURS IN RURAL AREAS TO FUND THEIR BUSINESS

Creating opportunities by providing financial services to unserved and underserved women in rural and peri-rural areas across India | Well diversified and extensive pan-India presence | Access to diversified sources of capital and effective asset liability management | As of June 30, 2022, total AUM was ₹73,890.23 million | Significant footprint : Reached 2.90 million active borrowers, served through network of 966 pan India branches, as of June 30, 2022 | Robust underwriting process and risk management policies | Stable and experienced management team supported by marquee investors | Long-term credit ratings: "A-" by CRISIL, CARE and ICRA as of June 30, 2022 | Featured on India's "Great Place to Work" list consecutively in F. Y. 2022, 2021 and 2020

(*As of June 30, 2022) (** "A-" Credit Rating by CRISIL, CARE and ICRA as of June 30, 2022, according to CRISIL)

Fusion Microfinance

FUSION MICRO FINANCE LIMITED

www.fusionmicrofinance.com

**FUSION MICRO FINANCE LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC on October 25, 2022. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. ICICI Securities Limited, CLSA India Private Limited, IIFL Securities Limited and JM Financial Limited at www.icicisecurities.com, www.india.clsa.com, www.iiflcap.com and www.jmfl.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled *"Risk Factors"* on page 27 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act"), and may not be offered or sold within the United States or to, or for the account or benefit of, U.S. persons as defined in Regulation S under the U.S. Securities Act ("U.S. Persons") except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. The Company has not registered and does not intend to register under the U.S. Investment Company Act of 1940 (the "U.S. Investment Company Act") in reliance upon section 3(c)(7) thereof. Accordingly, the Equity Shares are only being offered and sold (i) to persons in the United States or to or for the account or benefit of, U.S. Persons in each case that are both "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act, that are also "qualified purchasers" (as defined under the U.S. Investment Company Act) in reliance upon section 3(c)(7) of the U.S. Investment Company Act and (ii) outside the United States to non-U.S. Persons in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 341B